sciencexpress
Biodiversity Special
www.sciencexpress.in

06 જાન્યુઆરી 2015

પ્રતિ,
............................

**વિષય : 'સાયન્સ એક્સપ્રેસ – બાયોડાયવર્સિટી સ્પેશિયલ' પ્રદર્શન ટ્રેન**

શ્રીમાન/શ્રીમતી,

'સાયન્સ એક્સપ્રેસ – બાયોડાયવર્સિટી સ્પેશિયલ' એ ભારત સરકારનાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તથા પર્યાવરણ અને વન મંત્રાલય નો સંયુક્ત અભિગમ છે, જેનું સંચાલન વિક્રમ એ. સારાભાઇ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, અમદાવાદ દ્વારા કરવામાં આવે છે. આ એક વૈવિધ્યપૂર્ણ 16 વાતાનુકુલિત કોચ ધરાવતી રેલગાડીમાં મઢેલું જૈવવિવિધતા અને આબોહવા પરિવર્તન વિષયને કેન્દ્રિત કરતું અજોડ પ્રદર્શન છે.

સાયન્સ એક્સપ્રેસ એ ઓક્ટોબર 2007, એટલે કે એના પ્રારંભથી અત્યાર સુધીમાં 388 સ્થળોના મુકામોએ 1.30 કરોડ (13 મિલીયન) થી વધારે લોકોએ મુલાકાત લીધેલું સૌથી મોટું, લાંબુ અને સૌથી વધુ લોકો દ્વારા મુલાકાત લીધેલું ફરતું વિજ્ઞાન પ્રદર્શન છે. આ પ્રદર્શન 28 જુલાઇ 2014 થી 6 ફેબ્રુઆરી 2015 નાં વર્તમાન તબક્કામાં ભારતભરમાં 56 સ્થળોએ ફરશે. SEBS પરના આ પ્રદર્શનનો મુખ્ય હેતુ ભારતની જૈવવિવિધતા, આબોહવા પરિવર્તન અને એને લગતી બીજી સમસ્યાઓ વિશે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સામાન્ય જનતામાં જાગરૂકતા પેદા કરવાનો છે. SEBS નું હવે પછીના અમુક દિવસોનું સમયપત્રક નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ગાંધીધામ | : | 23 – 25 જાન્યુઆરી 2015 |
| વાંકાનેર | : | 27 – 29 જાન્યુઆરી 2015 |
| ધ્રાંગધ્રા | : | 30 – 31 જાન્યુઆરી 2015 |
| વિરમગામ | : | 01 – 03 ફેબ્રુઆરી 2015 |
| ગાંધીનગર (કેપિટલ) | : | 04 – 06 ફેબ્રુઆરી 2015 |

પ્રદર્શન સમય : સવારે 10.00 થી સાંજે 5.00 સુધી

પ્રદર્શન સ્થળ : જે તે શહેરનું રેલ્વે સ્ટેશન

આપ સૌને, ખાસ કરીને વિદ્યાર્થીઓ અને શિક્ષકોને SEBSની મુલાકાત લેવા માટે અમે આમંત્રિત કરીએ છીએ. પ્રદર્શન જોવા માટે કોઇ પ્રવેશ ફી નથી. આ વિશેની વધુ માહિતી www.sciencexpress.in પર ઉપલબ્ધ છે. આ પ્રદર્શનની મુલાકાત લેવા માટે આપ sciencexpress@gmail.com ઉપર ઇ-મેઇલ કરી શકો છો અથવા ટ્રેન પરની ટીમનો મો.નં. 09428405407, 09428405408 ઉપર સંપર્ક સાધી શકો છો. ભીંતપત્ર (નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવા માટે) ની સાથે સંક્ષિપ્ત નોંધ આ સાથે બિડેલ છે.

પૈડા પરનું આ પ્રતિષ્ઠિત પ્રદર્શન જોવાનો લાભ મોટી સંખ્યામાં લોકોને મળે એ માટે પ્રદર્શનની પ્રસિધ્ધિ મોટા પાયે કરવા અમે આપ સૌના સહકારની અપેક્ષા રાખીએ છીએ.

આપનો વિશ્વાસુ,

દિલીપ સુરકર
નિયામક, VASCSC

નોંધ : શાળા અને કોલેજનાં વિદ્યાર્થીઓને પ્રદર્શન સ્થળ પર સ્કૂલ બેગ ન લાવવા વિનંતી.

**Vikram A Sarabhai Community Science Centre**
Opp. Gujarat University, Navrangpura, Ahmedabad - 380 009, India
Tel: +91 79 26302914, 26302085 Fax: +91 79 26306497 Email: vascsc@gmail.com Web: www.vascsc.org